મહેકમ વિભાગ
ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી
ચાંદખેડા, અમદાવાદ.
તા. ૦૮/૦૧/૨૦૧૮

# શીશુ સંભાળ કેન્દ્ર
# વાલી માટેના નિયમો

- બાળકને કેન્દ્રમાં દાખલ કર્યા પછી વર્ષ દરમ્યાન દર મહિને ફી લેખે રૂા. ૫૦૦/- આ સુવિધાનો લાભ લેતાં સ્ટાફના પગારમાંથી કપાશે.
- બાળક કેન્દ્રમાં કોઈ કારણસર ગેરહાજર રહે તો પણ ફી નિયમિત રીતે દર મહિને ભરવાની રહેશે.
- ૧ થી ૫ વર્ષ સુધીના બાળકોને પ્રવેશ આપવામાં આવશે.
- બાળક કોઈપણ કારણસર ગેરહાજર રહેવાનું હોય તો તે બાબતમાં કેન્દ્રને જાણ કરવી અને બાળકનું નામ કાઢી નાંખવાનું હોય તો તેની જાણ આખર તારીખ સુધીમાં કરવી. જાણ ન કરનાર વાલીને બાળક કેન્દ્રમાં આવતું ન હોય છતાં પણ તે માસની ફી ભરવી પડશે.
- એકવાર બાળકને કેન્દ્રમાંથી ઉઠાવી લીધા બાદ ફરી લેવામાં આવશે નહીં, અને જો તે બાળકને ફરી મૂકવાનું હોય તો, જયારથી ઉઠાવી લેવામાં આવ્યું હોય ત્યારથી ફી લેવામાં આવશે, છ મહિના બાદ નવેસરથી લેવામાં આવશે.
- બાળકને કેન્દ્રમાં મુકવા આવતી વખતે ૧૦ થી ૧૫ મીનીટ વહેલા આવવું પોતાની બાળકની બધી જ વસ્તુઓ વ્યવસ્થિત એના સ્થાન પર મુકવી.
- બાળકને સાંજે એક વખત કપડા બદલી તૈયાર કરવામાં આવશે, લઈ જતી વખતે બધી જ વસ્તુઓ યાદ કરીને જાતે શોધીને લઈ જવી, વસ્તુ ખોવાઈ જાય તો જવાબદારી સ્ટાફની રહેશે નહીં.
- દરેક વાલીએ બે-ત્રણ કપડાની જોડ, ગોદડી, ચડ્ડી વિગેરે લાવવાની રહેશે.
- કેન્દ્ર સવારે ૧૦ વાગે ખુલે છે અને સાંજના ૬:૧૫ વાગે બંધ થાય છે, સવારે ૧૦ વાગ્યા પહેલાં અને સાંજે ૬:૧૫ વાગ્યા પછી બાળકો અંગેની જવાબદારી સ્ટાફની રહેતી નથી.
- દૂધ પીતા બાળકો માટે દૂધ તથા કોરો નાસ્તો લાવવાનો રહેશે, રાંધેલી રસોઈ (દાળ-ભાત) વિગેરે લાવવાનું રહેશે.
- બાળકની પીવાની બોટલને નિશાન કરીને લાવવું. દૂધનું વાસણ તથા બોટલ બદલાય તો સ્ટાફને બતાવીને જવું.
- ફીડીંગ ચાલુ હોય તો જ દિવસમાં ત્રણ વખત આવવાનું રહેશે.
- બાળકને ફીડીંગ કરાવતી માતાએ રિસેશમાં જ આવવું, ત્યારબાદ વાલીએ વારંવાર ઘોડિયાઘરમાં આવવું નહીં.
- બાળક માંદુ થાય ત્યારે કેન્દ્રમાં લાવવું નહિ એક બાળકની માંદગી બીજા બાળકને ઝડપથી અસર કરે છે.
- બાળકને ઓરી, અછબડા અથવા કોઈ ચેપી રોગ થયા હોય, ચારથી વધુ ઝાડા થયા હોય તો, બાળકને કેન્દ્રમાં લાવવું નહિં અને જો લાવશે તો બાળકને કેન્દ્રમાં લેવામાં આવશે નહિં.
- વાલી ઓફિસમાં ન આવવાના હોય તો તે દિવસે બાળકને કેન્દ્રમાં લાવવું નહીં.
- બાળક સંડાસ અગર પેશાબ કરે તો સાફ કરવાની જવાબદારી વાલી હાજર હોય ત્યાં સુધી વાલીની રહેશે.
- વાલીનું વર્તન સ્ટાફ જોડે સભ્યતાભર્યું હોવું જોઈએ.
- વાલીએ પોતાના બાળક પરત્વે જ ખાસ ધ્યાન અપાવવાની અપેક્ષા રાખવી નહીં. દરેક બાળક પ્રત્યે એક સરખું ધ્યાન આપવામાં આવશે.
- જયારે પણ વાલી શીશુ સંભાળ કેન્દ્રની મુલાકાત લે ત્યારે લોગબુકમાં સમય સાથે નોંધણી કરવાની રહેશે.
- પ્રવેશ લેવા માટેની કાર્ય પદ્ધતિ :
  - ફોર્મ ભરવું.
  - જન્મ પ્રમાણપત્ર
  - ઓળખપત્ર (માતા-પિતા)